# *" સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબમાં રહેતા વ્યક્તિઓનો મનોવૈજ્ઞાનિક સુખાકારીનો અભ્યાસ "*


Parul D. Ayadi
(M.A.Psychology)
Department of Psychology, K.S.K.V. Kachchh University
Gujarat (India)



## *સારાંશ*

પ્રસ્તુત સંશોધનસંયુક્ત કુટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા વ્યકિતઓનોજાતિના સંદર્ભમાં મનોવૈજ્ઞાનિક સુખાકારીનો અભ્યાસ કરવાનો છે. પ્રસ્તુત અભ્યાસ માટે નિદર્શ તરીકે કચ્છજિલ્લાના સંયુકત કુટુંબમાં રહેતા ૩૦ સ્ત્રીઓ અને ૩૦ પુરુષો એમ કુલ ૬૦ વ્યકિતઓ લેવામાં આવી છે. તે જ રીતે વિભકત કુટુંબમાં રહેતી ૩૦ સ્ત્રીઓ અને ૩૦ પુરુષો એમ કુલ ૬૦ વ્યકિતઓની આમ કુલ મળીને ૧૨૦ વ્યકિતઓનીનિદર્શ તરીકે યદચ્છ રીતે પસંદગી કરવામાં આવી છે.આ અભ્યાસમાં સુખાકારીના પાંચ ક્ષેત્રો જેવા કે, જીવન સંતોષ,કાર્યક્ષમતા, સામાજીક શકિત, માનસિક સ્વાસ્થ્ય અને આંતરવૈયકિતક સંબંધોના પ્રાપ્તાંકો જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.આ અભ્યાસમાં પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોનું કુટુંબના પ્રકાર અને જાતિના આધારે મધ્યક,પ્રમાણિત વિચલન અને 'ટી' ગુણોત્તર શોધવામાં આવ્યો છે. તેમજ તેની ચકાસણી ૦.૦૫ સાર્થકતાની કક્ષાએ તપાસવામાં આવી છે.પ્રાપ્ત પરિણામો દ્વારા મળેલ માહિતી પરથી કહી શકાય કે સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા વ્યકિતઓમાં મનોવૈજ્ઞાનિકસુખાકારીનાં પ્રાપ્તાંકોમાં કોઇસાર્થકતફાવત જોવા મળતો નથી, તેમજ સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા સ્ત્રી–પુરુષોમાં મનોવૈજ્ઞાનિક સુખાકારીનાં પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળે છે.



**Key words :** મનોવૈજ્ઞાનિક સુખાકારી,સંયુકત કુટુંબ, વિભકત કુટુંબ,સ્ત્રી,પુરુષ.